Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences ISSN: 2581-6241 Volume - 4, Issue - 5, May - 2021
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.871
Received on : 10/05/2021 Accepted on : 23/05/2021 Publication Date: 31/05/2021

ટૂંકીવાર્તા પરથી બનેલી ફિલ્મનો અભ્યાસ: ડૉ.જયંત ખત્રી કૃત અને પરેશ નાયક દિગ્દર્શિત ફિલ્મ "ધાડ"

કૃપલ મેકવાન

રીસર્ચ સ્કોલર, ગુજરાતી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, ગુજરાત..

Email – krupalch88@gmail.com

સારસંક્ષેપ : સિનેમા અને સાહિત્ય બંનેનો હેતુ મનોરંજનનો છે. વિશ્વમાં સિનેમાના માધ્યમ દ્વારા એવી સાહિત્યકૃતિઓનું ફિલ્માંકન થયું છે જે તેના મૂળરૂપમાં એટલી સુંદર ન હોય જેટલી સિનેમાના સ્વરૂપમાં તેને સુંદર બનાવાઈ છે. સાહિત્ય પરથી જ્યારે સિનેમા બનાવાય છે ત્યારે દિગ્દર્શકે પોતાનુ સારુ એવુ ઉમેરણ કરવું પડે છે. અને એમા પણ જ્યારે ટૂંકી વાર્તા પરથી ફિલ્માંકનએ ઘણી મહેનત માગી લે છે.

ચાવીરૂપ શબ્દો : ટૂંકીવાર્તા, ફિલ્મનો અભ્યાસ, તુલના, સાહિત્ય અને સિનેમા.

1. પ્રસ્તાવના :

સાહિત્યમાં નવલકથા, વાર્તા, નાટક, લોકકથા, આત્મકથા, જીવનચરિત્ર, ડાયરી, કવિતા, ગઝલ, જેવા સ્વરૂપોનો સમાવેશ થાય છે. આ સાહિત્યમાં વાર્તા એ સર્વાધિક લોકપ્રિય કહી શકાય તેવું સ્વરૂપ રહ્યું છે. પરંતુ જ્યારે સાહિત્ય અને સિનેમાની વાત કરીએ ત્યારે નવલકથા પરથી બનેલી ફિલ્મ અને વાર્તા પરથી બનેલી ફિલ્મમાં ઘણો તફાવત જોવા મળે છે. નવલકથા પરથી જ્યારે ફિલ્મનિર્માણ થાય ત્યારે પટકથા લેખકે નવલકથામાંથી ઘણી બાબતોને ટૂંકાવવી પડે છે, ઘણી બાબતો છોડી દેવી પડે છે તેમ છતાં ધ્યાન એ રાખવું પડે છે કે નવલકથાનો મહત્વનો પ્રસંગ કે પાત્ર ત્યાં બાદ ન થઈ જાય જ્યારે તેનાથી એકદમ વિરુધ્ધ પરિસ્થિતિ આપણને વાર્તા પરથી બનેલી ફિલ્મમાં જોવા મળે છે. વાર્તા માંડ ૧૦ કે ૧૫ પાનાની હોય ત્યાં દિગ્દર્શકે ઘણું નવું ઉમેરણ કરવું પડે છે. દા.ત: ' મિર્ચ મસાલા' ફિલ્મ કે જે ચૂનીલાલ મડિયા કૃત વાર્તા ' અભુ મકરાણી' પરથી બનેલી છે. જેમાં વાર્તા કરખાની શરૂ થઈ ત્યાં જ પૂર્ણ થઈ જાય છે અને આખી વાર્તા માત્ર ત્રણ પાત્રોમા જ રચાય છે. જ્યારે આ વાર્તા પરથી ફિલ્મ બને છે ત્યારે દિગ્દર્શકે ઘણું ઉમેરણ તેમા કર્યું અને આખા ગામના દર્શન કરાવ્યાં સાથે સાથે નવા પાત્રો પણ ઉમેર્યા. આમ અભુ મકરાણી વાર્તા પરથી બનેલી ફિલ્મ ખુબ જ સફળ રહી.

2. સિનેમા અને સાહિત્યની તુલનામાં 'ધાડ' વાર્તા અને ફિલ્મનો તુલનાત્મક અભ્યાસ:

ડૉ. જયંત ખત્રી કૃત વાર્તા ધાડ સૌ પ્રથમ ૧૯૫૩ માં એક સામયિકમાં પ્રગટ થયેલી. ત્યારબાદ તેમાં થોડાઘણા સુધારાવધારા થયા અને ૧૯૬૮ માં 'ખરા બપોરે' નામના વાર્તાસંગ્રહમાં તે પ્રગટ થઈ.

પરેશ નાયક દિગ્દર્શિત ફિલ્મ 'ધાડ' ૫ મી જાન્યુઆરી ૨૦૧૮ માં રજૂ થઈ. આ ફિલ્મનો નિર્માણ પ્રક્રિયાનો સમયગાળો ઘણો લાંબો ચાલ્યો. કચ્છના ભૂકંપ અગાઉ ફિલ્મનું મોટાભાગનું શૂટિંગ ૨૭ દિવસમાં પૂર્ણ થઈ ગયેલું . ત્યારબાદ તેનો અંતિમ તબક્કો ૨૦૦૩ થી ૨૦૧૭ સુધી ચાલ્યો. આવી પરિસ્થિતિમાં પણ પરેશ નાતક હાર્યા નથી, તેમની ધીરજ ખૂટવા દીધી નથી. કચ્છ જેમ બેઠું થયું તેમ પરેશ નાયક પણ બેઠા થયા અને આખરે ૧૩ વર્ષ પછી ફિલ્મ રજૂ થઈ. ફિલ્મમાં ભૂકંપ પહેલાની કચ્છની ભૂમિ આપણને જોવા મળે છે.

ફિલ્મમાં હિન્દી સિનેમાના કલાકારો કે.કે.મેનન, નંદિતા દાસ, રઘુવીર યાદવ, પ્રદીપ કુલકર્ણી , સુજાતા મહેતાએ અલગ-અલગ રોલ ભજવ્યાંછે. આ ફિલ્મનું નિર્માણ 'જયંત ખત્રી ફિલ્મ ફાઉન્ડેશન' ના માધ્યમથી તેમના પુત્ર કીર્તિ ખત્રી એ કર્યું છે. ફિલ્મના પટકથા લેખક વિનેશ અંતાણી છે, સંગીત વનરાજ ભાટિયાએ આપ્યું છે, જે કર્ણપ્રિય છે. ફિલ્મમાં ફોટોગ્રાફી રાજીવ સોંદરવાની છે. જેમાં કચ્છનો પરિવેશ એના તમામ રંગો સાથે સરસ રીતે ઝીલાયો છે. વાર્તામાં પાત્રોના પહેરવેશ, છૂંદણા, ભૂંગાના સૂક્ષ્મ વર્ણનો નથી જ્યારે ફિલ્મમાં તેને આકર્ષક રીતે રજૂ કરાયા છે. ફિલ્મમાં આ દરેક બાબતને ખૂબ જ ઝીણવટપૂર્વક વિભા નાયકે દર્શાવી છે.

ધાડ વાર્તા જે પ્રાણજીવનના મુખે કહેવાઈ છે. વાર્તામાં ઘેલો , પ્રાણજીવન, મોંઘી અને કચ્છની વેરાન ભૂમિની વાત કરી છે. પ્રાણજીવન જે ભણેલો ગણેલો પણ બેકાર છે. ઘેલો તે કચ્છનો ધાડપાડુ છે કે જેને કચ્છની ધરતી જેવો જ ક્રૂર અને નિષ્ઠુર બતાવાયો છે.

ફિલ્મમાં જે ઉમેરણ થયું તે , ઘેલાની પત્નિ મોંઘી કે જે વાર્તામાં છે પરંતુ ફિલ્મમાં તેની બીજી બે પત્નિ બતાવાઈ છે; રતની અને ધનબાઈ. વાર્તામાં મોંઘીને નિ:સંતાન બતાવાઈ છે જ્યારે ફિલ્મમાં ત્રણ પત્નિઓ છતાં ઘેલાને બાપ બનવાનું સુખ નથી મળ્યું તે તેનું નપુસંકપાણું પ્રદર્શિત કરે છે. દાજી શેઠની દીકરીનુ પાત્ર જે મૂળ વાર્તામાં નથી પરંતુ ફિલ્મમાં તે ઉમેરવામાં આવ્યું છે.

પ્રાણજીવન કે જે પોર્ટની ચોકી કરવાની નોકરી કરતો હતો પરંતુ હવે તે બેકાર બન્યો છે અને આ બેકારીનું કારણ વાર્તામાં આપવામાં આવ્યું નથી જ્યારે ફિલ્મમાં દર્શાવાયું છે કે તેના ઉપરાધિકારીને સ્ટેશને લેવા જવામાં કંઈક મોડું થાય છે તેના માટે તેને માફીપત્ર લખવાનું કહે છેપણ એ એટલો ખુદ્દાર છે કે એ રાજીનામું આપી દે છે.

ઘેલો દરિયાકિનારે સૂતો છે ને ત્યાં પ્રાણજીવન તેને જૂવે છે બંને વચ્ચે બે ત્રણ વાર ભેટો થાય છે ને મિત્રો બની જાય છે. ઘેલો કે જે ' ઊંચો, કદાવર, બિહામણો દેખાય એવો દેહ, સફેદ દાઢી , સફેદ કટારીની ધાર જેવી તીક્ષ્ણ આંખો, સશક્ત રેખાઓ મંડિત ચહેરો જોઈને ડર લાગે તેવો એનો દેખાવ. પણ તેણે પોતાના પશીનાનો રોટલો ખવડાવ્યો એટલે પ્રાણજીવનનું મન ભરાઈ આવે છે. તેની સાથેની વાતચીત પરથી ઘેલાના જીવનનો એક ઉકેલ મળી આવે છે, " દોસ્ત, પ્રાણજીવન આ જીવતરનો ભેદ અને તેની મુશ્કેલી ઉકેલવાનો માર્ગ એક જ છે, કે માથાભારે થવું, આપણાથી વધારે તાકાતવાન હોય એનાથી વધારે તકત બઢાવવી અને તેને નીચે નમાવવો."

જ્યારે ઘેલો પ્રાણજીવનને મળે ત્યારે તે ચેરીયાંના ઝાડની ઓળઘોળ વાતો કર્યા કરતો. આ ચેરીયાંના ઝાડને વાર્તામાં એક પ્રતિક તરીકે સહજતાથી ગૂંથ્યું છે.જેમકે, ચેરીયાંના મૂળિયાં પહેલા કાદવમાં ઊંડે જાય, થડ મજબૂત બને, પછી કાદવમાં પોષણના મળતા એ મૂળિયાં પાછા બહાર નીકળી થડની આસપાસ પથરાઈ જઈ પોતાના કાંટા મારફત હવામાંથી પોષણ મેળવે. અને આટલી જહેમતથી મોટા થયેલા અને માણસાઈથી ટટ્ટાર ઊભેલા આ છોડને અમારા ઊંટ ખાઈ જાય! એવું જ એક પ્રતિક ફિલ્મમાં પણ જોવા મળે છે તે છે, નહિ આવનાર સંતાન માટે ભરત-ગૂંથણ કરતી ઘેલાની વહૂઓ.

3. સારાંશ:

વાર્તામાં ઘણું એવું હોય છે જે ફિલ્મ થકી દર્શાવી જ ના શકાય. કારણ કે ફિલ્મની ભાષા અને વ્યાકરણ બંને અલગ છે. પરેશ નાયક કહે છે તેમ , "વાર્તામાં સીધો ફોટો પાડીને મૂકવાનો ન હોય, જે શબ્દ થકી જ દર્શાવી શકાય, જેનું દ્રશ્યમાં રૂપાંતર ન થઈ શકે " આમ, પરેશ નાયકની ધીરજ અને અથાગ પરિશ્રમને કારણે ૧૭ વર્ષના અંતે આ ફિલ્મ સફળતા સાથે રજૂ થઈ.

સંદર્ભ :

1. ખત્રી, જયંત. "ધાડ" *ખરા બપોર*, પ્રથમ આવૃતિ. મુંબઈ: સ્વાતિ પ્રકાશન. ૧૯૬૮. ૧-૩૪. મૂદ્રણ.
2. જોષી, યોગેશ. "ધાડ: ડૉ.જયંત ખત્રીની અને પરેશ નાયકની." *પરબ*, ફેબ્રુઆરી (૨૦૧૮): ૧૧-૧૫. મૂદ્રણ.
3. શાહ, સાગર. "ધાડ: મૂળ વાર્તાની પ્રતીકાત્મકતાનો વિસ્તાર." *નિરીક્ષક*, અંક ૫ (૨૦૧૮): ૧૧-૧૨. વેબ.
4. છાયા, જ્વલંત. "ધાડ: કેમેરામાં ઝિલાઈ કચ્છની કેફિયત", *ચિત્રલેખા* ૫ જાન્યુઆરી ૨૦૧૮. વેબ.